## ભરૂચ નગર સેવા સદનના વોટર ATM જ પાણી વિના તરસ્યા

**પાંચ** વર્ષ પૂર્વે 14 લાખના ખર્ચે મુકેલા મશીનો બંધ હાલતમાં, શરૂ કરવા કોંગ્રેસની માંગ




ભરૂચ: ઉનાળાની કાળઝાળ ગરમીનો પ્રારંભ થઇ ચૂક્યો છે. ત્યારે ભરૂચ શહેરમાં વર્ષ-2020માં રૂ.14 લાખથી વધુના ખર્ચે દસ સ્થળોએ મુકવામાં આવેલાં 'વોટર એટીએમ મશીન' બંધ હાલતમાં જોવા મળી રહ્યા છે. ભરૂચના પૂર્વ ધારાસભ્ય દુષ્યંત પટેલ અને પાલિકાના તત્કાલીન પ્રમુખ સુરભિ તમાકુવાલાની હાજરીમાં વર્ષ 2020માં આ પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેનો કોન્ટ્રાક્ટ ખાનગી કંપનીને આપવામાં આવ્યો હતો. પાંચ વર્ષમાં જ મોટાભાગના વોટર એટીએમ શોભાના ગાઠીયા સમાન બની ગયાં છે.

આ મામલે વિપક્ષના નેતા શમશાદઅલી સૈયદે જણાવ્યું હતું કે, ભરૂચના તુલસીધામ, કસક, સ્ટેશન રોડ, સુપર માર્કેટ અને પાંચબત્તી સહિતના વિસ્તારોમાં વોટર એટીએમ મુકવામાં આવ્યા હતા. જે વોટર એટીએમનું સંચાલન સામાજિક સંસ્થાઓને સોંપાયું હતું. માત્ર તે જ વોટર એટીએમ કાર્યરત છે. ભરૂચ શહેરમાં બંધ હાલતમાં રહેલાં વોટર એટીએમ ઝડપથી શરૂ થાય તે જરૂરી છે. વોટર એટીએમના મામલે વિપક્ષે શાસકો પર પસ્તાળ પાડી છે, ત્યારે ચીફ ઓફિસર હરેશ અગ્રવાલે જણાવ્યું હતું કે તમામ મશીનો કાર્યરત થઈ જાય એવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

# ભરૂચ ચકચારી હત્યાકાંડ: મૃતકના બાકીના અંગો મળી આવ્યા, આરોપીને 8 દિવસના રિમાન્ડ

**હત્યામાં** વાપરેલી આરી, કપડા, મૃતકનો મોબાઈલ હજુ પણ મળ્યા નથી

**મૃતકના** પરિવારે આરોપીને ફાંસીની સજા મળે તેવી મુખ્યમંત્રી સમક્ષ માંગ કરી




ભરૂચ: ભરૂચમાં મિત્ર દ્વારા લોન તથા પત્નીના ફોટાઓ બાબતે હત્યા કરી, બાદ શરીરના ટુકડા કરી અલગ-અલગ જગાએ નિકાલ કરી દેવાના કિસ્સામાં આરોપી શૈલેન્દ્રસિંહ ચૌહાણને કોર્ટે આઠ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. મૃતક સચિન ચૌહાણના શરીરના બાકીના અંગો પણ પોલીસને મળી આવ્યા હતા. મૃતકના પરિવારે આરોપીને ફાંસીની સજા મળે તેવી મુખ્યમંત્રી પાસે માંગ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સચીન પ્રવીણસિંહ ચૌહાણ અને શૈલેન્દ્રસિંહ વિજયપાલ ચૌહાણ કોલેજકાળથી મિત્ર હતા. ઘટનાની શરૂઆત સચિને શૈલેન્દ્રની પત્નીના ગોપનીય ફોટો તેના મોબાઈલમાંથી લઈ લેવાથી થઈ હતી. આ ઉપરાંત બંને વચ્ચે નાણાંકીય વ્યવહારો પણ હોવાથી શૈલેન્દ્રએ સચીનના નામે લાખો રૂપીયાની લોન પણ લીધી હતી. જેના કારણે બંને વચ્ચે તણાવ વધ્યો હતો. સચિન શૈલેન્દ્રને બ્લેકમેઈલ કરી પરેશાન પણ કરવા લાગ્યો હતો. છતાં, શૈલેન્દ્રે સચિન સાથે મિત્રતા જાળવી રાખી અને તા.24 માર્ચની રાત્રિએ તેને ઘરે જમવા બોલાવ્યો. જમીને બંને ઊંઘી ગયા હતા. પરંતુ મોડી રાતેએ શૈલેન્દ્રે સચિનના મોબાઈલમાંથી ફોટો ડિલીટ કરવાનો પ્રયાસ કરતાં ઝઘડો થયો હતો. જેમાં ગુસ્સામાં શૈલેન્દ્રએ શાકભાજી કાપવાના ચાકુથી સચિનની હત્યા કરી બાદ શબના નવ ટુકડા કરી ભોલાવ GIDCની વિવિધ ગટરોમાં ફેંકી પુરાવાનો નિકાલ કર્યો હતો. જે પૈકી માથાનો ભાગ કોઈ સ્ટ્રીટ ડોગે બહાર ખેંચી લાવતા ગુનો બન્યાની હકીકત સામે આવી હતી.

પોલીસે બાકીના અંગો પણ શોધી કાઢતા મૃતકના તમામ અંગો મળી આવ્યા છે, જેથી હવે અંતિમ સંસ્કાર કરી શકાશે. પરંતુ, હત્યામાં વપરાયેલી લોખંડની આરી, લોહીથી ભીંજાયેલા કપડા અને સચિનનો મોબાઈલ હજુ પણ મળ્યા નથી. જેની તપાસ અને પૂછપરછ માટે પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરી પંદર દિવસના રિમાન્ડની માંગ કરી હતી. પરંતુ કોર્ટે આઠ દિવસનું રિમાન્ડ મંજૂર કર્યા હતા. મૃતકના ભાઈ મોહિત ચૌહાણે હત્યા કેસમાં આરોપી શૈલેન્દ્રને ફાંસીની સજા થાય તે માટે મુખ્યમંત્રીને અરજી કરી છે.

# સંક્ષિપ્ત સમાચાર

### ભરૂચના વોર્ડ નં.6ની ચાર સોસાયટીના સી.સી. રોડ બનશે



ભરૂચ: ભરૂચ નગર સેવાસદનના વોર્ડ નંબર-6માં આવેલ રાધાકૃષ્ણ સોસાયટી, જનકપુરી સોસાયટી, ચિત્રકૂટ સોસાયટી અને પ્રસાદ સોસાયટીમાં રૂ.1.73 કરોડના ખર્ચે નિર્માણ પામનાર સી.સી.રોડ અને પેવરબ્લોકના કાર્યનું ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રીના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભરૂચ નગર સેવા સદનના પ્રમુખ વિભૂતિ યાદવ સહિત સ્થાનિક નગરસેવકો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. વોર્ડ નંબર-6નો પાછળથી ભરૂચ નગર સેવા સદનમાં સમાવેશ કરાયો હતો.

### ભરૂચ જિલ્લા ભાજપના નવનિયુક્ત પ્રમુખ પ્રકાશ મોદીનો સત્કાર સમારોહ યોજાયો



ભરૂચ: ભરૂચ નોટરી એસોસિએશન દ્વારા શહેરના જે.બી. મોદી રોડ પર આવેલ પાંજરાપોળ ખાતે નવનિયુક્ત નોટરીઓ તેમજ ભરૂચ જિલ્લા ભાજપના નવનિયુક્ત પ્રમુખ પ્રકાશ મોદીના સત્કાર સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પાંજરાપોળના ટ્રસ્ટી મહેન્દ્ર કંસારા, શાંતિલાલ શ્રોફ, રાજેન્દ્ર સુતરીયા બીપીન ભટ્ટ સહિતના આગેવાનો તેમજ ધારાશાસ્ત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રકાશ મોદીએ લોકસભામાં પાસ થયેલા કેન્દ્ર સરકારના વક્ફ બિલને આવકાર્યું હતું અને રાજ્યસભામાં પણ આ બિલ પસાર થાય તેવી આશા વ્યક્ત કરી હતી.

### મંદરોઈ પ્રા. શાળામાં વિદાય તથા વાર્ષિક ઈનામ વિતરણ સમારંભ યોજાયો




સાયણ: જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત ઓલપાડ તાલુકાની મંદરોઈ પ્રાથમિક શાળામાં આજરોજ ધોરણ 8 માં અભ્યાસ કરતાં બાળકોનો વિદાય તેમજ વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. ધોરણ 8 માં અભ્યાસ કરી રહેલાં બાળકો માટે આ વર્ષ શાળાનું અંતિમ વર્ષ હોઈ બાળકો પોતાની ઉજ્જવળ કારકિર્દી બનાવવા માધ્યમિક કક્ષાએ જઈ રહ્યાં છે ત્યારે શાળાના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ સાથે આશીર્વચન પાઠવવામાં આવ્યા હતાં. આ પ્રસંગે શાળા વ્યવસ્થાપન સમિતિનાં અધ્યક્ષ રેખાબેન રાઠોડ, સભ્યો, ઈન્ચાર્જ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી નગીનભાઈ પટેલ, સી.આર.સી. કો-ઓર્ડિનેટર વિજય પટેલ સહિત ઉપસ્થિત શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

### તાપી જિલ્લામાં મોડેલ સોલાર વિલેજ યોજનાને વિકસાવવા બેઠક યોજાઇ

વ્યારા: તાપી જિલ્લા કલેક્ટર સભાખંડ ખાતે મોડેલ સોલાર વિલેજ યોજના બાબતે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. યોજના હેઠળ આગામી તા. ૦૧/૦૪/૨૦૨૫ થી ૩૦/૦૯/૨૦૨૫ દરમિયાન યોજાનાર સ્પર્ધામાં ભાગ લઇ રહેલા તાપી જિલ્લાના ૫૦૦૦થી વધુ વસ્તી ધરાવતા ૧૯ રેવન્યુ ગામોના સરપંચ અને તલાટીઓને મીટીંગ દરમિયાન કલેક્ટરે "મોડેલ સોલાર વિલેજ યોજના" અંતર્ગત વિવિધ સરકારી કચેરીઓ ઉપર સોલાર રૂફટોપ લગાવવા સૂચન કર્યું હતું.

### નેત્રંગ તાલુકા પંચાયતના સભ્યનું અકસ્માતમાં મોત



નેત્રંગ: નેત્રંગ તાલુકા પંચાયતના મૌઝા બેઠકના સભ્ય ઊર્મિલાબેન વસાવા પોતાના પતિ શૈલેષભાઈ વસાવા સાથે બાઈક (નં. GJ 16 CL 0407) લઈને પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન પીરઝડપે ગફલતભરી રીતે હંકારી આવતા ઈક્કો ગાડી (નં. GJ 21 CA 1179) ના ચાલકે ટક્કર મારતાં ઊર્મિલાબેન વસાવા કાર નીચે આવી જતાં માથા અને શરીરના ભાગે ગંભીર ઈજા પહોંચતા 108 એમ્બ્યુલન્સ મારફતે નેત્રંગ તાલુકા મથકે આવેલા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. ત્યાંથી વધુ સારવાર અર્થે જયાબેન મોદી હોસ્પિટલ અંકલેશ્વર અને ત્યાંથી સુરતની કિરણ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. ત્યારબાદ વધુ એક હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજતા પરીવારના સભ્યો-ગ્રામજનો અને રાજકીય આગેવાનોમાં શોકનો માહોલ પ્રસરી જવા માંડ્યો હતો.

### બી.એ.બી.એસ. હાઈસ્કૂલમાં ધો. 8ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો





બારડોલી: બી.એ.બી.એસ. હાઈસ્કૂલમાં ધો.૮ ના વિદ્યાર્થીઓ માટે વિદાય શુભેચ્છા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં આચાર્ય સુમનભાઈએ વિદ્યાર્થીઓ અને વાલીઓનું સ્વાગત કર્યું હતું અને તેમને આગળના અભ્યાસ માટે માર્ગદર્શન આપ્યું હતું. શાળાના શિક્ષકોએ પણ વિદ્યાર્થીઓ સાથે પોતાના અનુભવો અને અભિપ્રાયો વ્યક્ત કર્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ પણ પોતાના શાળાકીય જીવનના સંસ્મરણો અને અનુભવો વર્ણવ્યા હતા. માધ્યમિક વિભાગના આચાર્ય ચેતનાબેને ધોરણ ૯ માં ઉપલબ્ધ સહાય અને વિષયો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે પ્રજ્ઞાબેને આભારવિધિ કરી હતી. શાળાના પ્રમુખ હસમુખભાઈ અને માનદ મંત્રી વ્યોમભાઈ પાઠકે વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

# પાંચકડા લોક સુનાવણીમાં ખેડૂતોનો રોષ, અમારા પ્રશ્નોને ધ્યાને લેતાં જ નથી!

**વેદાંત** કંપનીની સુનાવણીમાં લોકોનો ગુસ્સો ફાટી નીકળ્યો, બહિષ્કાર કર્યો



ભરૂચ: જંબુસરના પાંચકડા ગામે વેદાંત લિમિટેડ કંપની માટે પર્યાવરણીય લોક સુનાવણીમાં સ્થાનિક ખેડૂતોનો ગુસ્સો ફાટી નીકળતા ભારે વિરોધ વ્યક્ત થયો હતો. ભરૂચ જિલ્લાના જંબુસર ખાતે આવેલાં હાઇડ્રો કાર્બન બ્લોકમાં ઓઈલ ગેસ ઓનશોર ડેવલોપમેન્ટ ગેસ ડેવલપમેન્ટ અને પ્રોડક્શન માટે વેદાંત કંપની આવી રહી છે. કંપની તરફથી પાંચકડા ગામે પર્યાવરણીય લોક સુનાવણી યોજવામાં આવી હતી. કંપની 51 કુવાઓનું ડ્રિલિંગ, ક્રૂડ ઓઈલ 3 હજાર બી ઓપીડી અને નેચરલ ગેસ -100 એમ.એમ.એસ.સી એફડી, 60 કીમી લાંબી ઈનફિલ્ડ પાઈપલાઈન, ગંદા પાણીના પાઈપલાઈનની નિકાલ માટે 60 કિમીની પાઈપલાઈન સહિતનો પ્રોજેક્ટ બનવા જઈ રહ્યો છે. ત્યારે જંબુસરના SDM એસ.એમ. ગાંગુલીની અધ્યક્ષતામાં આયોજિત પર્યાવરણીય લોક સુનાવણીમાં સ્થાનિકોએ ઉગ્ર રજૂઆત કરી હતી. ટંકારીના સરપંચે જણાવ્યું કે લોક સુનાવણીના કાર્યક્રમમાં સરપંચ કે આ ગામના આગેવાનો અને ખેડૂતોને જાણ કરવામાં આવી નથી કાલિદાસ રાઠોડે જણાવ્યું હતું કે, અમૂક લોકોને બોલાવીને લોક સુનાવણી કરવામાં આવી છે. ખેડૂતો તથા સ્થાનિકોના પ્રશ્નો ધ્યાને લેવામાં નહીં આવતાં અમે લોકોએ લોક સુનાવણીનો બહિષ્કાર કર્યો છે, એવી હૈયા વરાળ ઠાલવી હતી.

### વાલિયાની ચોરાઆમલા ગ્રામસભામાં લિગ્નાઈટ પ્રોજેક્ટને લઈ વિરોધ

ભરૂચ: વાલિયાના ચોરઆમલા ગામ ખાતે GMDC દ્વારા ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામજનોએ ઠરાવ કરીને પ્રબળ વિરોધ નોંધાવ્યો હતો. વાલિયાના ચોરઆમલા ગામ ખાતે પ્રાંત અધિકારી, GMDCના અધિકારી તેમજ મામલતદાર સહિતના અધિકારીની ઉપસ્થિતમાં ગ્રામ સભા મળી હતી. આ ગ્રામસભામાં જમીન સંપાદનની જંત્રીમાં વધારો સહિત અન્ય મુદ્દે ગ્રામજનોએ અભિપ્રાય આપ્યા હતા. સાથે કેટલાક ગ્રામજનોએ ગ્રામસભાનો પ્રબળ વિરોધ નોંધાવ્યો હતો. જેમાં ઠરાવ કરીને વાંદરિયા-ચોરઆમલા ગ્રુપ પંચાયતમાં સમાવિષ્ટ વિસ્તાર બંધારણની પાંચમી અનુસૂચિત હેઠળ સુરક્ષિત હોવાથી લિગ્નાઇટ પ્રોજેક્ટ માટે તેનું સંપાદન નહીં કરવામાં આવે એવી માંગ કરી હતી. ઉપરાંત આદિવાસી વિસ્તારમાં આર્થિક, સામાજિક સ્તરે સમૂહભાવ, પર્યાવરણ તેમજ આદિવાસી અસ્મિતા, પરંપરાગત સંસ્કૃતિને નુકસાન થાય તેમ હોવાથી આવા પ્રોજેક્ટ અટકાવવામાં આવે તેવી પ્રબળ માંગ કરી છે.

# દંડ ભરવાથી બચવા વાહનચાલકો હેલ્મેટ ખરીદવા દોડ્યા, લાઇન લાગી



**ભરૂચ** અને અંકલેશ્વરમાં પોલીસે કડક ચેકિંગ હાથ ધરતાં હેલ્મેટની દુકાનો પર ધસારો, સ્ટોક ઓછો પડ્યો

ભરૂચ: ભરૂચ અને અંકલેશ્વરમાં પોલીસ દ્વારા ઠેર-ઠેર ચેકિંગ કરી હેલમેટ ન પહેરનાર વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવતા ભરૂચ, અંકલેશ્વરમાં હેલમેટનું વેચાણ ઝડપથી વધી રહ્યું છે. રૂપિયા 300થી 800 સુધીની કિંમતમાં હેલ્મેટ લોકો રસ્તાઓ પર વેચાઈ રહ્યા છે. બજારોમાં 800 થી લઈ 3500 સુધીના સ્ટાન્ડર્ડ હેલ્મેટ લેવામાં લોકો ધસારો કરી રહ્યા છે. બાઈકચાલકો પોલીસની કાર્યવાહી વિશે મિશ્ર અભિપ્રાય વ્યક્ત કરી રહ્યા છે. કેટલાકનું માનવું છે કે પોલીસને દંડ વસૂલવા કરતાં હેલ્મેટ આપવાનું આયોજન કરવું જોઈએ. કેટલાક કહે છે કે, આ રોડ પરના ખાડાઓને કારણે પણ કેટલાય લોકોને ગંભીર અને કાયમી ઈજાઓ થાય છે અને મૃત્યુ પણ થાય છે, તો આ ખાડાઓ માટે કોની પાસેથી તંત્ર દંડ વસૂલાત કરશે. દંડ ઉઘરાવતું તંત્ર ખાડાઓથી ગ્રસ્ત થતાં લોકોને વળતર પણ ચૂકવે, તેમ જણાવ્યું હતું. જોકે, ટ્રાફિક સલામતી માટે લોકો હવે ટ્રાફિક નિયમનને ગંભીરતાથી લેતા જોવા મળી રહ્યા છે. હેલ્મેટની જરૂરિયાત, સલામતીના મુદ્દે ચર્ચાઓ પણ થતી જોવા મળી રહી છે.

# માંડવીના બૌધાન ગામે પિકઅપ ચાલકે બે બાઈકને અડફેટે લેતા વૃદ્ધનું મોત

**બેને ઈજા** થતાં સારવાર હેઠળ, ટેમ્પો ચાલક સામે ફરિયાદ નોંધાઈ

માંડવી: માંડવીના બૌધાન- ઘલા રોડ પર જતાં વાવીયા ખાડીના પુલ નજીક પિકઅપ ચાલક પૂરઝડપે હંકારતા બે બાઈકને અડફેટે લેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં વૃદ્ધનું ગંભીર ઈજા થતાં મોત થયું હતું. જ્યારે અન્ય બે બાઈક ચાલકને ઈજા પામતા સારવાર અર્થે ખસેડાયા હતા.

પોલીસ સૂત્રો જણાવ્યા મુજબ માંડવીમાં બૌધાન ગામે રજનિકાંતભાઈની વાડીવાડીમાં જાલમભાઈ ભોજભાઈ ગોહિલ (ઉં.વ.63 મૂળ ભાવનગર) અને તેમની પત્ની ધનુબેન ગોહિલ બંને વૃદ્ધ મજૂરી કામ કરતા હતા. જેઓ રવિવારે સાંજે બાઈક (નં. GJ 19 AG 5096) પર બૌધાન-ઘલા રોડ પર પસાર થઈ રહ્યા હતા. ત્યારે સામેથી આવતી બુલેરો પિકઅપ (નં. RJ-36 GA-9619) ના ચાલક જીતેન્દ્ર હરજીરામ બાટ (રહે., ગોહાના, અજમેર-રાજસ્થાન) પૂરઝડપે ગફલતભરી હંકારતા બાઈકસવાર વૃદ્ધ દંપતીને અડફેટે લીધા હતા. જેમાં જાલમભાઈ ગોહિલ ગંભીર ઈજા થતાં મોત થયું હતું. જ્યારે અન્ય બાઈક (નં GJ 19 AN 1903) સવાર બે યુવાનોને ઈજા થતાં સ્થળ પર દોડી આવેલા લોક ટોળાએ 108 એમ્બ્યુલન્સની મદદથી સારવાર હેઠળ ખસેડાયા હતા. આ અકસ્માત કરનાર બુલેરો પિકઅપ ચાલક વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

**સહકારી આગેવાન સુનીલ પટેલે સોશિયલ મીડિયા પર વિડીયો મૂકી**

# નર્મદા સુગરના ભાવ અને વહીવટને લઈ સવાલો ઉઠાવ્યા

**વર્તમાન** સંચાલકો ખડૂતોને 400 થી 500 નો ભાવ વધારો આપી શક્યા હોવાનું વિડીયોમાં જણાવ્યું

રાજપીપળા: સહકારી અગ્રણી અને ગુજકોમાસોલ ડિરેક્ટર સુનિલ પટેલે સોશિયલ મીડિયા પર વિડીયો દ્વારા નર્મદા સુગરના વહીવટને કારણે ખેડૂતોને થતાં નુકસાનની છણાવટ કરતાં ગ્રામ્ય વિસ્તારોમાં ભારે ચર્ચા જગાવી છે

નર્મદા સુગરના સંચાલકો ખેડૂતોને વધુ સારો ભાવ આપી શક્યા હોત તેમ જણાવી સહકારી આગેવાન સુનિલ પટેલે જણાવ્યું હતું કે અન્ય સુગરની સરખામણીએ નર્મદા સુગર બળેલી શેરડીના ભાવ રૂ.100 થી વધુ કાપવામાં આવે છે અને 50% થી વધુ બળેલી શેરડીનું પીલાણ કરવામાં આવે છે. ઉપરાંત સભાસદોને વર્ષમાં એકવાર અપાતી ખાંડ અન્ય સુગર મિલમાં 3200 થી 3255 ના ભાવે અપાય છે. જ્યારે નર્મદા સુગરે 3800 ના ભાવે ખાંડ આપી, આ ઉપરાંત ભૌગોલિક સ્થિતિને કારણે નર્મદા સુગરને શેરડી વહનમાં ટ્રાન્સપોર્ટ ખર્ચ ઓછો આવે છે, અન્ય સુગરની સરખામણીએ કર્મચારીઓના પગાર ઓછા છે, સલ્ફરલેશ ખાંડનો ભાવ, વીજળી વેચાણનો બેનિફિટ વગેરેમાં 400 થી 500 નો ફાયદો થતો હોય વર્તમાન સંચાલકો ખડૂતોને 400 થી 500 નો ભાવ વધારો આપી શક્યા હોત પણ ચેરમેન દર વર્ષે વધારે ભાવ આપીશુંની લોલીપોપ ખેડૂતોને બતાવે છે, પણ ભાવ આપતા નથી. અને મોટા એવાર્ડ મળ્યાની વાતો થાય છે પણ એવોર્ડ નહીં ખેડૂતોને વધુ ભાવ આપો તેમ કહી સુનિલ પટેલે નર્મદા સુગરના વહીવટ સામે સવાલો ઉભા કર્યા હતા.

### નેત્રંગના સ્વામિનારાયણ મંદિરમાંથી મોબાઈલની ચોરી



નેત્રંગ: નેત્રંગ નગરમા નેત્રંગ-ઝંખવાવ રોડ ઉપર આવેલા અક્ષરપુરુષોતમ સ્વામિનારાયણ મંદિરમા બુધવારે સાંજે મોબાઈલની ચોરી થવા પામી હતી. જે ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. આશરે ૨૦થી ૨૫ વર્ષની ઉંમર ધરાવતો એક યુવક મંદિર પરિસરમા પ્રવેશ કરે છે. મંદિરની દાન પેટી ઉંચકવાની કોશિશ કરે છે. પરંતુ તેનાથી દાન પેટી નહીં ઉંચકાતા મંદિરમાં રહેલા મોબાઈલ પર વાગતા ભજન સાથે કિર્તન કરવાનો ડોળ કરતો દેખાય છે. તસ્કરને દાન પેટી ઉઠાવવાની ફાવટ નહીં આવતા મંદિરમા ભજનકિર્તનની ધૂન ચાલતી હતી, તે મોબાઇલ ફોન જ ઉઠાવીને ચાલતી પકડે છે. જે અંગે મંદિર વહીવટકર્તાઓએ નેત્રંગ પોલીસ સ્ટેશને જાણ કરતાં પોલીસે સીસીટીવીના આધારે તપાસ હાથ ધરી છે. ના પીઆઇ આર સી વસાવાને ચોરી થઈ તે સમયનો સીસીટીવી ફૂટેજ આપી આગળની તપાસ માટે રાવ નાંખી છે.

# ધોરણપારડી નજીક કન્ટેનરમાંથી રૂ.24.48 લાખનો દારૂ ઝડપાયો, એકની ધરપકડ

**એલસીબી** પોલીસે ચારને વોન્ટેડ જાહેર કરી 45.55 લાખનો મુદ્દામાલ કબજે કર્યો

પલસાણા: સુરત જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે ધોરણપારડી ગામ નજીક ને.હા.નં. 48 પર એક કન્ટેનરમાંથી 24.48 લાખની કિંમતનો વિદેશી દારૂ સહિત કુલ 45.55 લાખ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો અને આ સાથે કન્ટેનરચાલકની ધરપકડ કરવામાં આવી છે. એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, એક કન્ટેનર ટ્રક (નં. MH 46 AR 2128) નો ચાલક દમણ તરફથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ભરીને મુંબઈ-અમદાવાદ ને.હા.નં. 48 થઈને અંકલેશ્વર તરફ જવાનો છે. બાતમીના આધારે પોલીસે ધોરણપારડી ગામે રીલીફ હોટલની સામે હાઈવે પર નાકાબંધી કરી વોચ ગોઠવી હતી. દરમિયાન, બાતમીમાં જણાવેલું કન્ટેનર આવતા તેને રોકીને તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ટ્રકમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ચાલક હનુમાનરામ મુલારામ ઝાંટ (થોરી) (ઉં.વ.45, રહે., નોખડા, જિ.બાડમેર, રાજસ્થાન) ની ધરપકડ કરી હતી. આ ગુનામાં પોલીસે ચાર જણાને વોન્ટેડ જાહેર કરી સ્થળ પરથી 10,356 બોટલ વિદેશી દારૂ કિંમત રૂ.24.48 લાખ, રૂ.20ની કિંમતનું કન્ટેનર, મોબાઈલમળી કુલ 44 લાખ 55 હજાર 510 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

### જંબુસર બાયપાસ રોડ પર ઝૂંપડાઓમાં આગમાં બળીને ખાખ



ભરૂચ: ભરૂચમાં ઉનાળાના સમયમાં આગ લાગવાના બનાવવામાં વધારો થયો છે. ત્યારે ગુરૂવારે બપોરના સમયે ભરૂચના જંબુસર બાયપાસ રોડ ઉપર આવેલ ઝુંપડાઓમાં આગ ફાટી નીકળી હતી. જેમાં ત્રણથી ચાર ઝુંપડાઓ આગમાં બળીને ખાક થઈ ગયા હતા. બનાવી જાણ થતાંની સાથે જ ભરૂચ નગર સેવા સદનના ફાયર ફાયટરો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને આગ પર કાબૂ મેળવ્યો હતો. આગના પગલે શ્રમજીવી પરિવારની ઘરવખરી બનીને ખાખ થઈ ગઈ હતી.

# નર્મદા પોલીસની ટ્રાફીક નિયમન પદ્ધતિ મામલે ધારાસભ્ય અને પોલીસ આમને સામને

રાજપીપળા: નર્મદા જિલ્લામાં આજે પોલીસ અને ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા ટ્રાફિક નિયમનને બહાને આદિવાસીઓની હેરાનગતિ થતી હોવાના મુદ્દે પુનઃ આમને સામને આવી ગયા હતા. પણ ધારાસભ્ય ચૈતર વસાવા આ મુદ્દે મક્કમ રહી આજે કાર્યકરો સાથે રાજપીપળા રજૂઆત કરવા આવવા નીકળતા પોલીસ કાફલાએ તેમને રસ્તે રોકતા પોલીસ અને ધારાસભ્ય વચ્ચે ભારે ચડભડ થઈ હતી.

જોકે પોલીસે ઉગ્ર ચર્ચાને અંતે તેમને રાજપીપળા આવવા દીધા હતા, જ્યાં એસ.પી. કચેરીએ પોલીસ વિરુદ્ધ ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા.



આ મામલે નર્મદા પોલીસે માર્ગ અકસ્માતમાં થતાં મોત અટકાવવા ટ્રાફિક નિયમન જરૂરી હોવાનું જણાવ્યું હતું. ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે નિર્દોષ ગરીબોને દંડ કરો છો, બુટલેગરો, રેતી માફિયાઓ બેફામ ફરે છે તેમને પકડો. આખરે ચૈતર વસાવાએ એસ.પી. ને તમામ મુદ્દે રજૂઆત કરી ન્યાયની માંગ કરી હતી.